# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી જણાવે છે કે તા.૨૯/૦૩/૨૦૨૬, રવિવારના રોજ લેવાનાર ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) – ૨૦૨૬ ની પરીક્ષાનું એડમિશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket) ફકત ઓનલાઇન માધ્યમથી મૂકવામાં આવે છે. જેની ગુજકેટ-૨૦૨૬ ની પરીક્ષાના તમામ ઉમેદવારોએ, વાલીઓએ તથા રાજ્યની વિજ્ઞાન પ્રવાહ ધરાવતી તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

ગુજકેટ-૨૦૨૬ ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોએ પોતાનું એડમિશન કાર્ડ(પ્રવેશિકા/Hall Ticket) બોર્ડની વેબસાઇટ **gujcet.gsebht.in** અથવા **gsebht.in** અથવા **www.gseb.org** પરથી તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકથી Download કરવાનું રહેશે. જેમાં ઉમેદવારોએ ગુજકેટ-૨૦૨૬ માટે ભરેલ આવેદનપત્રમાં નોંધાયેલ મોબાઇલ નંબર અથવા ઇ-મેઇલ આઇ.ડી અને જન્મ તારીખ અથવા એપ્લીકેશન નંબર દાખલ કરી એડમિશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket) ડાઉનલોડ કરી શકાશે. ઉમેદવારો પોતાના નામ પરથી પણ એડમિશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket) Search કરી, જન્મ તારીખની વિગત ભરીને ડાઉનલોડ કરી શકશે.

આ ઉપરાંત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ખાતે નોંધાયેલ રાજયની વિજ્ઞાન પ્રવાહ ધરાવતી તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પોતાના ઇન્ડેક્ષ નંબર તથા રજીસ્ટર્ડ મોબાઇલ નંબરનો ઉપયોગ કરી લોગ-ઇન થઇ પોતાની શાળાના ગુજકેટ-૨૦૨૬ માટેના ઉમેદવારોના એડમિશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket) ડાઉનલોડ કરીને તમામ વિદ્યાર્થીઓને વિતરણ કરી શકશે.

ગુજકેટ-૨૦૨૬ માટેના એડમિશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket) ફકત ઓનલાઇન માધ્યમથી જ મળશે, જે પરીક્ષાખંડમાં પ્રવેશ માટે માન્ય રહેશે. આ હોલટીકીટ પર શાળાના આચાર્યશ્રીઓના સહી સિક્કો કરાવવાની જરૂર નથી જે ધ્યાને લેશો.

**ઉમેદવારો(પરીક્ષાર્થી) માટે ખાસ નોંધ:-**

ગુજકેટ-૨૦૨૬ પરીક્ષાના ઉમેદવારોએ પરીક્ષા દરમિયાન એડમિશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket) સાથે કોઇ પણ એક ફોટો આઇ.ડી પ્રુફ (આધાર કાર્ડ અથવા ડ્રાઇવીંગ લાયસન્સ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષાની ઓરીજીનલ હોલટીકીટ) સાથે લઇ જવાનું રહેશે. જેની ખાસ નોંધ લેવી. ગુજકેટ-૨૦૨૬ પરીક્ષાનું વિષયવાર, વિગતવાર સમયપત્રક આ સાથે સામેલ છે.

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ:- ૧૬/૦૩/૨૦૨૬
સ્થળ :- ગાંધીનગર

**Important Instruction for GUJCET**
**TIME SCHEDULE**

| **PAPER-1 PHYSICS & CHEMISTRY** | | **DATE: 29-03-2026** |
|---|---|---|
| (1) | Entry in the Examination Hall | 9.30 AM |
| (2) | Checking & Signing of Hall Ticket & Attendance Sheet | 9.30 AM to 9.45 AM |
| (3) | Distribution of Test Booklets & Answer Sheets | 9.45 AM |
| (4) | Filling up Details on Test Booklets & Answer Sheets | 9.50 AM to 9.55 AM |
| (5) | Opening the Seal of Test Booklet | 9.55 AM to 9.59 AM |
| (6) | Test Commences | 10.00 AM |
| (7) | Final Entry in the Examination Hall | 10.00 AM |
| (8) | Test Concludes | 12.00 Noon |
| (9) | Sticking Khakhi Sticker on Answer Sheets and Submission | 12.01 PM to 12.05 PM |

| | |
|---|---|
| RECESS | 12.06 PM to 13.09 |

| **PAPER-2 BIOLOGY** | | **DATE: 29-03-2026** |
|---|---|---|
| (1) | Entry in the Examination Hall | 13.10 |
| (2) | Checking & Signing of Hall Ticket & Attendance Sheet | 13.10 to 13.25 |
| (3) | Distribution of Test Booklets & Answer Sheets | 13.25 |
| (4) | Filling up Details on Test Booklets & Answer Sheets | 13.30 to 13.35 |
| (5) | Opening the Seal of Test Booklet | 13.35 to 13.39 |
| (6) | Test Commences | 13.40 |
| (7) | Final Entry in the Examination Hall | 13.40 |
| (8) | Test Concludes | 14.40 |
| (9) | Sticking Khakhi Sticker on Answer Sheets and Submission | 14.41 to 14.45 |

| | |
|---|---|
| RECESS | 14.46 to 15.29 |

| **PAPER -3 MATHS** | | **DATE: 29-03-2026** |
|---|---|---|
| (1) | Entry in the Examination Hall | 15.30 |
| (2) | Checking & Signing of Hall Ticket & Attendance Sheet | 15.30 to 15.45 |
| (3) | Distribution of Test Booklets & Answer Sheets | 15.45 |
| (4) | Filling up Details on Test Booklets & Answer Sheets | 15.50 to 15.55 |
| (5) | Opening the Seal of Test Booklet | 15.55 to 15.59 |
| (6) | Test Commences | 16.00 |
| (7) | Final Entry in the Examination Hall | 16.00 |
| (8) | Test Concludes | 17.00 |
| (9) | Sticking Khakhi Sticker on Answer Sheets and Submission | 17.01 to 17.05 |